## સર્ગ દશમો

# ક્ષુદ્ર મનનાં રાજ્યો અને દેવતાઓ

### વસ્તુનિર્દેશ

પ્રાણના સ્વર્ગનેય પાર કરવાનું છે. જ્યાં સુધી ઉચ્ચની પ્રાપ્તિ ન થાય અને તેની અંદર જીવ ને જગત પોતાના સત્યસ્વરૂપમાં એકાકાર ન બની જાય ત્યાં સુધી આપણી યાત્રાનો અંત આવતો નથી. અધ-રસ્તે આવતાં સુખધામોની પારનાં લક્ષ્યો બોલાવતાં રહે છે અને આગળના સાહસ માટે આમંત્રણ આપે છે. આત્માને જે અખિલાત્મક અનંતતા જોઈએ છે તે પેલાં સ્વર્ગો આપી શકતાં નથી, ઊલટાનું તેઓ તો જીવને પ્રલોભાવી આગળ વધતો અટકાવે છે.

પ્રાણના સ્વર્ગથી ઊર્ધ્વમાં મનના પ્રદેશો શાંત પ્રકાશી રહ્યા છે. રાજા એ તરફ વળે છે. દિવસ અને રાત જ્યાં એકરૂપ બની રહેતાં હતાં, તે એ પ્રાણની ને વિચારની વચ્ચેનો પ્રદેશ હતો. ત્યાં જ્ઞાન અને અજ્ઞાન પરસ્પર મળવા માટે આવતાં.

એને નીચલે છેડે આરંભનું મન હતું. એ પૃથ્વી પરથી આકાશમાં ને આકાશમાંથી પૃથ્વીની પ્રતિ નજર નાખતું. એ સત્યને જાણવા મથતું. શાશ્વતી માટે નહીં પણ તત્કાલ ને તત્ક્ષણ માટે જહેમત ઉઠાવતું. જેની સેવા એણે લેવાની છે તે શરીરનું એ પોતે સેવક બની ગયું હતું. ભૂલ કરતી ઇન્દ્રિયોનો એ આશ્રય લેતું; સંદેહ ને તર્ક-વિતર્કમાં પડતું એ અર્ધજ્ઞાતમાંથી અજ્ઞાતમાં ઊતરી પડતું. છાયા અને મૂળ સ્વરૂપ જેવી ભાસતી, અજ્ઞાન મંત્રીઓનાં કાર્યો ઉપર એ મતું મારી આપતું, પોતે જેને બનાવ્યું છે તેને એ મૂઢ પોતાનું જ કારણ માની બેસતું.

ત્યાંથી ઉપર ચઢતાં રાજાને રાત્રિ સાથે રમત કરતું પ્રભાત દેખાયું. એ આરંભની જ્યોતિના રાજ્યમાં 'સુવર્ણશિશુ' વિચાર કરતા થવાનો ને દૃષ્ટિ પ્રાપ્ત કરવાનો પ્રારંભ કરે છે, મનનાં શરૂઆતનાં પગલાં ત્યાં ભરાય છે, એનું અજ્ઞાન ત્યાં આતુર જિજ્ઞાસા રાખે છે. પરંતુ એ તો માત્ર બાલોદ્યાન જ છે, પ્રાણ અને મન એ જબરજસ્ત બાળકનાં ખિલોણાં છે.

પણ જ્ઞાન કંઈ બહારથી આવનાર અતિથિ જેવું નથી; એ તો છે આપણી જ અંદર, મનની પૂઠે પોઢેલું. એને જાગ્રત કરવું ને રૂપ આપવું એ કુદરતનું કામ છે.

આ મન અજ્ઞાનનાં ગાઢ ધુમ્મસોમાં શોધ કરે છે. અંદર જોતાં એને ત્યાં પ્રભુ જેવું કોઈ જણાતું નથી. એને ધીરે ધીરે આગળ વધવાનું છે, કેમ કે પૃથ્વી માત્ર ધીરી પ્રગતિ જ સહી શકે છે. પ્રાણનાં ને પિંડનાં બનેલાં ઓજારોનો એને આશ્રય લેવો પડે છે. જ્ઞાનની કરચોને રેણીરેણીને એ એને આખું બનાવવા માગે છે; સત્યને એ ગુલામ બનાવવા માગે છે, કુદરતની સ્વાભાવિક એકતાનો એ બહિષ્કાર કરે છે.

મનની એક ત્રિદેહી ત્રિપુટી છે. એની સેવા લેવામાં આવે છે. એમાંની નાનામાં નાની પ્રથમ મજબૂત બાંધાની છે, વામણો વિચાર જડ પ્રકૃતિના પાયા ઉપર કાર્ય કરે છે ને પોતાનાં બનાવેલાં ચોકઠાંમાં પોતે પકડાઈ જાય છે. જગતના મહાવરાઓને એ કુદરતના કાયદાઓ કહે છે, મનના મહાવરાઓને એ સત્યનું નામ આપે છે. અજ્ઞાનનો એ ખજાનચી છે, ઉચ્ચ ને વિશાળથી એ સંકોચાય છે, રૂઢિનાં ચક્કરોમાં એ અશ્રાંત ફર્યા કરે છે. ઇન્દ્રિયાધિષ્ઠિત જગતને સાચવવા માટે એ ચોકીદાર કૂતરાનું કામ કરે છે.

વિશ્વની વિશાળ યોજના, આકાશના તારાઓની કક્ષાઓ, લાખો જીવજાતિઓ એક મૂગા નિયમને અનુસરે છે. કુદરત એક શક્તિ રૂપે કાર્ય કરે છે, શિવ પોતાના નિશ્ચલ વક્ષઃસ્થલ ઉપર વિશ્વના વિરાટ નૃત્યને ટકાવી રાખે છે.

બીજે નંબરે આવે છે તે કુબ્જા બુદ્ધિ, વિચાર્યા વગર એ ઝંપલાવે છે. એ ઊંચે ચઢે છે, નીચે પડે છે ને નરકમાં વિલીન થઈ જાય છે. સત્યને એ નીચે કીચડમાં ખેંચી લાવવા માગે છે. કાચીડાની માફક એ તરેહતરેહના રંગ ધારણ કરે છે, વિષયોરૂપી ભક્ષ્યની પ્રતિ લપકે છે. અજાણતાં એ સર્વસ્વરૂપ કંઈક છે તેની પ્રત્યે ધપતી રહે છે.

વિજય નહીં પણ પ્રયત્ન એનું આકર્ષણ છે. વિચારની પકડમાં જે આવતું નથી તેને એનો આવેગ પકડી લે છે. ખાલીખમમાં ખોજ કરી એ તેમાંથી ખજાનો મેળવે છે. વિદ્યુતનું ત્રિશૂળ નાખી એના દાંતામાં એ અજ્ઞાનને પકડે છે. અજ્ઞાન એનું ક્ષેત્ર છે ને અજ્ઞાત એનો મહાલાભ.

ત્રણેમાં મોટામાં મોટી છે ત્રીજી શક્તિ. તે છે યુક્તિપુરઃસર કાર્ય કરનારી બુદ્ધિ. એણે વિશ્વનું માપ કાઢવાનું આરંભ્યું છે, એ માટેનાં સાધનો શોધી કાઢયાં છે. કુદરતનાં રહસ્યોનો તાગ લેવા માંડયો છે. ઇન્દ્રિયોના સકંજામાંથી એ છૂટી, પણ મનની મર્યાદા તોડી ન શકી. લક્ષ્ય વગરની એના વિચારોની સફર ચાલે છે, ઊભા રહેવા માટે એને એકે સ્થિર શિખર મળ્યું નથી, એક દૃષ્ટિમાં એ અનંતને સમાવી શકતી નથી. સંદેહ એને સતાવ્યા કરે છે, એનાં કિરણો માત્ર દીવાનું કાર્ય કરે છે; એમનાથી રાત્રિનો મહા-અંધકાર ટળતો નથી. ગાડાને ખેંચનાર બળદિયો બની એ માલની ગાંસડીઓ જગતના વ્યવહારના બજારમાં પહોંચાડે છે. જીવનનાં ને મનનાં બધાં ક્ષેત્રોને એ ચોક્કસ નિયમોમાં બંધિયાર બનાવે છે. એનું જ્ઞાન લાખો માથાં ધારણ કરે છે ને તે પ્રત્યેકને માથે પાઘડી રૂપે શંકા રહેલી છે.

તર્કબુદ્ધિનો પરિશ્રમ નિર્ણયાત્મક હોતો નથી. એની વકીલાત જેને સાચું ઠરાવવા માગે તેને સાચું ઠરાવી આપે છે. સત્યનાં છોતરાં એ લે છે ને સત્યને પોતાને ઉશેટી દે છે. જડતત્ત્વને જ એ એકમાત્ર સત્યતા તરીકે સ્વીકારે છે ને આત્માની ને પરમાત્માની એને જરૂર જણાતી નથી.

માણસને એ વિચાર કરતા પ્રાણી રૂપે સ્વીકારે છે, યુગોની ઉત્ક્રાંતિનું એને શિખર સમજે છે; પરંતુ જીવનનું જબરજસ્ત હૈયું જ્યારે ઊછળીને ઉપર આવે છે, ને આત્મા જાગી ઊઠે છે ત્યારે એનું કર્યું કારવ્યું બધું જ બેકાર બની જાય છે. પણ એક સ્પર્શ નિર્માણના નિયમને ફેરવી નાખે છે, મહત્તર મન મહત્તર સત્યનાં દર્શન કરે છે. બીજું બધું નિષ્ફળ નીવડયું હોય ત્યારે આપણી પોતાની અંદરથી જ રૂપાંતરની એક પૂર્ણ ચાવી મળી આવે છે. આપણી પૃથ્વીની ચેતના સૂર્ય સાથે સંલગ્ન થાય, આપણું મર્ત્ય જીવન આત્માની પાંખે ઊર્ધ્વમાં ઊડે ને આપણા અંતવંત વિચારો અનંતની સાથે વ્યવહાર કરતા બની જાય એવું આપણે માટે થાય છે.

ઊગતા સૂર્યનાં રાજ્યોમાં બધું જ જ્યોતિની એક શક્તિ બનીને જન્મે છે. અહીં જે વિરૂપ છે તે ત્યાં મંગળમય બની જાય છે. મધ્યસ્થા તર્કબુદ્ધિને એના કાર્યક્ષેત્રની ઉપરના મહત્તર સત્યનું ભાન હોય છે. એનું ઊંડું હૃદય ઉચ્ચતર આદર્શોને માટે ઝંખે છે. એનાં કાર્યો વચગાળાની ભૂમિકાનાં જ છે. સમગ્ર દૃષ્ટિ અને સમગ્ર જ્ઞાન ન હોય ત્યાં સુધી કશું ય પૂરેપૂરું જોવામાં કે જાણવામાં આવતું નથી. આ સમગ્ર સત્ય એક દિન પ્રગટ થશે, વિજ્ઞાન

વિશ્વને વિલોકશે ને મનને એ કાલાતીત જ્ઞાન, જીવનને એનું ધ્યેય અને અજ્ઞાનને એનો અંત આપશે.

મનની આ ત્રિપુટીથી ઊર્ધ્વના વાતાવરણમાં પારની વસ્તુઓના બે અભીપ્સુઓ આવેલા છે. મંદ જગતને ઊંચે ચડાવનારી શક્તિ ત્યાં રહેલી છે. કાળના કિલ્લાઓને એ જમીનદોસ્ત કરે છે, સૈકાઓને અજવાળતા વિચારોના પ્રદીપ પ્રકટાવે છે, મર્ત્ય અવકાશ પારની ચીજોના નકશા બનાવે છે, અશરીરી વિચારોને મૂર્ત્તિમંત બનાવે છે. એ વિશુદ્ધ વિચારનું મન પારના પ્રદેશનો ફિરસ્તો છે, જ્યોતિર્મય એવું એ દૂરના વાયુમંડળમાંથી વિશ્વ ઉપર દૃષ્ટિપાત કરે છે.

**જેનામાં જગ ને જાત**
**સત્યરૂપ બને છે ને ધરે છે એકરૂપતા**
**તે સર્વોચ્ચતણી પ્રાપ્તિ નવ થાય તહીં સુધી**
**જેમ સર્વ કરી પાર છોડવાનું જ હોય છે**
**તેમ આ યે કરી પાર છોડવાની છે આવશ્યકતા હવેઃ**
**જ્યાં સુધી એ ન પ્હોંચાય ત્યાં સુધી આપણીય ના**
**યાત્રા બંધ પડી શકે.**
**અનામી લક્ષ્ય કો એક પાર જાવા સદા સંકેત આપતું,**
**સદા દેવોતણો વાંકોચૂંકો માર્ગ ઊર્ધ્વે આરોહતો રહે,**
**ને ઊંચે ચડતો અગ્નિ આત્માકેરો ઊર્ધ્વે નિર્દેશતો જતો.**
**આ ઉચ્છ્વાસ શત-રંગી મુદાતણો**
**અને વિશુદ્ધ ને ઉચ્ચ ભાવ પામેલ એહની**
**કાળકેરી હર્ષની પ્રતિમાતણો,**
**ઉછાળાતો આમતેમ દોષમુક્ત સુખની ઊર્મિઓ પરે,**
**હથોડાતો એકતાલ રૂપતામાં પરમા સંમુદાતણી,**
**આ અપૂર્ણાંક પૂર્ણાંક આત્માકેરો**
**ઝલાયેલો તીવ્રભાવી મહત્તામાં છેકની કોટિઓતણી,**
**સીમાએ બદ્ધ આ સત્ત્વ ઉઠાવાતું સર્વોચ્ચ સુખની પ્રતિ,**
**પારની વસ્તુઓકેરા એક સ્પર્શતણા અનુભવે સુખી,**
**સીલ મારેલ પોતાની અલ્પ અનંતતામહીં,**

કાળ સામે ખડા રે'તા કાળ-સર્જ્યા અનંત નિજ વિશ્વમાં,
ઠાંસી ઠાંસી ભરી દેતું પ્રભુકેરા વિરાટ સુખશર્મની
એક નીપજ નાનકી.
નિત્યના સાંપ્રત પ્રત્યે ક્ષણો પ્રસરતી હતી,
હોરાઓએ શોધી કાઢી અમર્ત્યતા,
કિંતુ સંતુષ્ટ પોતામાં ભરેલું જે હતું ઉત્તમ તે થકી
અટકી એ પડતાં શિખરો પરે,
જેમનાં અગ્ર આવેલાં સ્વર્ગના અર્ધમાર્ગમાં
પોતે કદી ન આરોહી શકતાં શિખરાગ્ર જે
તેને નિર્દેશતાં હતાં,
જેની હવામહીં પોતે જીવવાને સમર્થ ના
તે મહામહિમા પ્રત્યે આંગળી ચીંધતાં હતાં.
સલામતી લહેવાને પોતાની મરજાદને
જીવ આ વળગી રહે,
તેને ઉન્નત ઉત્કૃષ્ટ પોતાના ક્ષેત્રની પ્રતિ,
સુરક્ષાપૂર્ણ પોતાની પરાકાષ્ઠાતણી પ્રતિ,
આપે આમંત્રણો જે આ શિખરો તે
નકારે છે વધુ મોટા સાહસાર્થક સાદને.
મહિમા ને મધુરતા સંતૃપ્ત કામનાતણાં
મહાસુખતણા સ્વર્ણ-સ્તંભ સાથે જીવને બદ્ધ રાખતાં.
જેને અનંતતા આખી નિવાસાર્થે જરૂરની
તે આત્માની વ્યાપ્તિ માટે એ નિવાસ પૂરો પાડી શક્યાં નહીં.
તૃણ શી મૃદુ ને આછી નિદ્રા શી સ્મૃતિના સમાં
સુષમા ને સાદ પાછાં હઠી લીન થઈ ગયાં,
અકાળ ગમ જાનારા લાંબા ઉચ્ચ પથે યથા
સુણેલું મધુરું ગીત દૂર દૂર વિલીન થઈ જાય છે.
પ્રબલોત્સાહથી પૂર્ણ હતી માથે શાંતિ શુભ્ર વિરાજતી.
ચિંતને મગ્ન બ્રહ્માત્મા દૃષ્ટિપાત કરતો જગતો પરે,
અદૃષ્ટ એક આભાની સ્વચ્છતામાં થઈ થતા
આકાશોના ઉજ્જ્વલંત સમારોહણના સમા

વિશાળા ને વિસ્ફુરંતા પ્રદેશો મનના રહ્યા
પ્રકાશી સ્પંદહીનથી.
કિંતુ વિસ્તાર ત્યાં એને પ્હેલ વ્હેલો રૂપારાખોડિયો મળ્યો,
જ્યાં હતાં દિન ને રાત પરણેલાં અને એક સ્વરૂપમાં:
હતો એ પટ ઝાંખો ને સ્થલફેર કરતાં કિરણોતણો,
અળગો પાડતો 'તો એ જિંદગીના સચેતન વહેણને
નિજ સામ્ય-અવસ્થામાં અવસ્થિત વિચારથી.
શંકા ને યુક્તિથી યુક્ત અનુમાન માટે રાખેલ ભોમમાં
અનિશ્ચયો મળી સાથે બેચેનીએ ભર્યું રાજ્ય ચલાવતા,
જ્ઞાન અજ્ઞાનની સાથે ગોઠવેલો તહીં મેળાપ સાધતું.
ભાગ્યે જ દેખતું 'તું જે ને વિલંબે શોધી જે શકતું હતું
તેવું નીચાણને છેડે મન સત્તા મુશ્કેલીથી ચલાવતું;
એનો ને આપણો પૃથ્વીલોકનો છે સ્વભાવ પાસપાસના,
ને અનિશ્ચિતતાવાળી અને મર્ત્ય આપણી ચિંતનાતણી
સાથે એનો છે સંબંધ સગાઈનો,
એ જમીનથકી ઊંચે આકાશે દૃષ્ટિ નાખતી
ને આકાશથી જમીનની પરે,
કિંતુ જે તળિયે છે ને છે જે પાર તેને તે ન પિછાનતી,
એને કેવળ પોતાની ગંધ આવે ને બાહ્ય વસ્તુઓતણી.
સમજી ન શકે પોતે યા ન જે બદલી શકે
એવા પ્રદેશની મહીં
થોકબંધ દબાણોમાં આકારોએ નિબદ્ધ ઘટનાતણાં
પ્રાણી-જીવ રહ્યો છે જ્યાં જીવી અર્ધ-સચેતન
ત્યાંથી ધીરે આપણું જે સમારોહણ થાય છે
તેનું સાધન આ પ્હેલું બન્યું હતું.
જુએ છે માત્ર એ, અને
કાર્ય કરી શકે છે એ નિશ્ચિત ક્ષેત્રની મહીં,
ક્ષણેક લાગણી એને થાય છે ને સુખદુઃખેય થાય છે.
સત્યને શોધવા માટે મથતા જગની મહીં
દુઃખ ને કામનાકેરા પથો પરે

દેહધારી તમોગ્રસ્ત જીવને જે ભાવો હંકારતા રહે
તેમને અસ્તિને માટે અહીંયાં એ મળેલ છે
પોતાની શક્તિ ને શક્તિ નિસર્ગની.
અજ્ઞાન જિંદગીનાં હ્યાં રૂપો નિશ્ચિત થાય છે,
મ્હાવરાથી જણાયેલ હકીકતો
જુએ આ જિંદગી પાકા કાયદાના સ્વરૂપમાં,
તત્ક્ષણાર્થક સેવે છે શ્રમ, શાશ્વતતાર્થ ના,
પોતાની પ્રાપ્તિઓ વેચી મારે માંગો તત્કાલોત્થિત તોષવાઃ
પદાર્થજડતાકેરા મનની મંદ પ્રક્રિયા
શાસવું જોઈએ જેને અને લેવું જોઈએ ઉપયોગમાં
તે શરીરતણી સેવામહીં રહે
ને સ્ખલંતી ઈન્દ્રિયોના આશરાની જેને જરૂર હોય છે
તેનો જન્મ થયો એહ લસનારા અસ્પષ્ટ અંધકારમાં.
લંગડાતી શરૂઆત કરી ધીરે ધીરે આગળ ચાલતું,
પરિકલ્પિતને ટેકો આપનારું દલીલનો,
સિદ્ધાંતમત પોતાના ગણી નિશ્ચિત નિર્ણયો
તેમને રાજગાદીનું ઉચ્ચ આસન આપતું,
કરીને તર્ક એ અર્ધ-જ્ઞાતમાંથી જતું અજ્ઞાતમાં રહે,
હમેશાં બાંધતું એનું પડે તૂટી એવું ઘર વિચારનું,
ને પોતે હોય ગૂંથી જે જાળ તેને પાછી રદ બનાવતું.
અલ્પજ્ઞાની મનીષી એ જે પોતાની છાયાને આત્મ માનતો,
કરતો ગતિ એ ક્ષુદ્ર જિંદગીથી
અલ્પજીવી ક્ષુદ્ર બીજી જિંદગીઓતણી પ્રતિ;
સામંતો પર પોતાના આધાર રાખનાર એ
છે પરાધીન રાજવી,
અજ્ઞાન મંત્રિઓકેરી આજ્ઞાઓની પર એ મારતું મતું,
છે ન્યાયાધીશ એ જેની પાસે માત્ર અરધાં જ પ્રમાણ છે,
અનિશ્ચયતણી પૂર્વધારણાનો
સાદ છે એ ખાલી શોર મચાવતો,
નિર્માતા જ્ઞાનનો છે એ અને એનું પ્રભવસ્થાન એ નથી.

મહાબલિષ્ઠ આ બંદી પોતાનાં કરણોતણો
નિજ નીચા સ્થાનને એ માને સૌથી ઊંચું સ્થાન નિસર્ગનું,
સૃષ્ટ સૌ વસ્તુઓ મધ્યે પોતાનો જે ભાગ છે તેહ વીસરી
ને અહંકારની સાથે નમ્રભાવી એ પોતાના ઘમંડમાં
જડતત્ત્વતણા કીચતણું માને સંતાન નિજ જાતને
અને કારણ પોતાનું માને પોતે છે જે સર્જેલ તેહને.
શાશ્વત જ્યોતિ ને જ્ઞાને
આરોહીને જવા માટે થયો છે જન્મ આપણો,
ચડવાની શરૂઆત
સાવ સીધી આપણી ત્યાં થાય છે મનુભાવથી;
આપણે આવવાનું છે બ્હાર તોડી ભારે પાર્થિવ ક્ષુદ્રતા,
આપણે શોધવાનો છે સ્વ સ્વભાવ અધ્યાત્મ અગ્નિને લઈ;
કીટની ચાલ છે ભવ્ય આપણાં ઊડણોતણી
પ્રાસ્તાવિક નિવેદના;
ભાવિના દેવને માટે પારણું છે આપણી માનુષી દશા,
આપણું મર્ત્ય દૌર્બલ્ય ઝૂલણું છે એક અમર શક્તિનું.
ખદ્યોતી શિખરો છે આ ઝાંખી ઝલકથી ભર્યાં,
જ્યાં સ્વાભાવિક સંધ્યાની સાથે ક્રીડા કરે દ્યુતિ ઉષાતણી
દિનની વૃદ્ધિમાં સાહ્ય ને નિશાના નાશમાં સાહ્ય જે કરે;
વિદ્યોતંત વિશાળા ત્યાં એક સેતુ માર્ગથી છટકી જઈ
આવ્યો અશ્વપતિ એક પ્રદેશે જ્યાં છે પ્રકાશ પ્રભાતનો
અને છે અર્ધ ઊગેલા સૂર્યનું રાજ્ય રાજતું.
કિરણોમાંહ્યથી એના
આપણા મનનું પૂર્ણ પ્રભામંડલ ઉદ્ભવ્યું.
અજ્ઞાન ગહનો સાથે મધ્યસ્થ-ભાવ રાખવા
વિશ્વોના આત્મદેવે છે નિયુક્ત જેહને કરી
એવી દક્ષા બુદ્ધિ એક આદિ-આદર્શરૂપિણી
અર્ધ સમતુલા રાખી રહેલી સમ પાંખ પે
શંકાની ને વિચારની,
સત્-તાના ગુપ્ત અંતોની વચ્ચે આયાસથી ભર્યો

અવિરામ શ્રમ સેવી રહી હતી.
ચાલતા જિંદગીકેરા દૃશ્યે એક ગૂઢતા શ્વસતી હતી;
હતી પ્રકૃતિકેરા એ ચમત્કારોતણી ધાત્રી છુપાયલી,
દ્રવ્યના પંકમાંથી એ જિંદગીનાં અદ્ભુતોને
રૂપબદ્ધ બનાવતીઃ
નમૂના એ વસ્તુઓના આકારોના કંડારી કાઢતી હતી,
અસ્પષ્ટ અજ્ઞ વૈરાટે મનકેરા તંબૂ એ તાણતી હતી.
મહા જાદૂગરે એક યુક્તિના ને પ્રમાણના
પુનરાવૃત્ત થાનારાં રૂપોમાંથી રચી છે એક શાશ્વતી,
અને પ્રેક્ષક છે એવા ભટકંતા વિચારને
નક્કી સ્થાન કરી આપ્યું છે અચિત્ રંગમંચ પે.
પૃથ્વી ઊપર સંકલ્પે આ સર્વોત્તમ-બુદ્ધિના
જડતત્ત્વતણો જામો પહેર્યો છે અદેહા એક શક્તિએ;
સેવી 'પ્રોટોન'-'ફોટોને' છબી લેનાર આંખને
પલટી નાખવા સૂક્ષ્મ વસ્તુઓને સ્થૂલ પાર્થિવ સૃષ્ટિમાં,
ને અદૃશ્ય બન્યું દૃશ્ય આકારરૂપતા ધરી,
અસ્પર્શગોચર સ્પર્શગમ્ય પિંડ બની ગયુંઃ
ઇન્દ્રિયજ્ઞાનનો જાદૂ થયો યુક્ત કલા સાથ વિચારની,
એણે આખ્યાપતું નામ આપ્યું પ્રત્યેક વસ્તુનેઃ
દેહકેરી કલાબાજીકેરો વેશ કલ્પનાભાવ ધારતો,
ને નવાઈભર્યા ગુહ્યે અણુના કાયદાતણા
રચાયું ચોકઠું એક જેમાં કાર્ય ઇન્દ્રી-સંવેદનાતણું
પ્રતીકાત્મક પોતાનું વિશ્વનું ચિત્ર મૂકતું.
સધાયો 'તો ચમત્કાર એનાથીય મહત્તર.
મધ્યસ્થા જે બની 'તી તે જ્યોતિકેરા પ્રભાવથી
શક્તિ દેહતણી, નિદ્રા-સ્વપ્ન વૃક્ષોતણાં ને વૃક્ષકોતણાં,
સ્ફુરતું ઇન્દ્રિયજ્ઞાન પશુઓનું ને વિચાર મનુષ્યનો
ઊર્ધ્વસ્થ રશ્મિની દીપ્ત પ્રભા સાથે સંકળાઈ ગયાં હતાં.
વિચાર કરવા કેરા દ્રવ્યના અધિકારનું
સમર્થન કરંતી જે એનામાં છે પ્રવીણતા,

તેણે સંવેદનાવંતા કોરી કાઢયા
માર્ગો માટીતણા માનસ કારણે,
ને અવિદ્યા કાજ જ્ઞાન માટે સાધન મેળવ્યું.
નિજ નાના ચોરસો ને ઘનો શબ્દતણા એણે સમર્પિયા
સત્યતાની જગા લેવા આલેખ્ય રૂપરેખમાં
સ્મૃતિસાહ્ય કરંતી એ લિપિ જાડય-જડી હતી,
પોતાના કાર્યનો કયાસ કાઢવાને માટે જે અંધ શક્તિને
સાહ્ય રૂપ બની હતી.
દટાયેલી ચેતના કો ઊભી એની મહીં થઈ
ને પોતે માનવી છે ને જાગરૂક સચેત છે
એવાં એ સ્વપ્ન સેવતી.
પરંતુ હજુ યે સર્વ હતું અજ્ઞાન હાલતું,
આ વિશ્વરૂપ દેખાતી જે કરામત કારમી,
પાકી પકડમાં તેને લેનારું જ્ઞાન ના હજી
સુધી આવી શકયું હતું.
કઠોર તર્કના યંત્રતણું નિષ્ણાત ખાસ એ,
લાદી ચૈત્યાત્મ પે એણે યુક્તિ અક્કડ એહની;
નવ શોધમહીં દક્ષા બુદ્ધિને સાથ આપવા
એણે કાપી કર્યા ખંડો સત્યકેરા પ્રબંધાર્થે સહેલ જે,
કે પ્રત્યેક કરે પ્રાપ્ત પોતાને ભાગ આવતું
ભોજ્ય-દ્રવ્ય વિચારનું,
ને પછી મડદું એની કલા દ્વારા હણાયલા
નવ-નિર્મિત સત્યનું:
સેવા આપી શકે એવો યથાતથ્ય યંત્રમાનુષ જૂઠડો
સ્થાન લેતો આત્મકેરી વસ્તુઓની પ્રત્યેની સૂક્ષ્મ દૃષ્ટિનું:
એન્જિન ઓપ પામેલું કામગીરી દેવતાની બજાવતું.
સાચું શરીર ના કો'ને મળ્યું, આત્મા મરેલો લાગતો હતો:
સત્ય-સમગ્રતા જોતી અંતર્દૃષ્ટિ કોઈની પાસ ના હતી;
સૌ માહાત્મ્ય આપતા 'તા ચમકંતી પ્રતિષ્ઠાપિત વસ્તુને.
પછી એક ધસી આવ્યું મોજું નીચે છૂપી શિખરમાળથી,

બંડખોર પ્રભાકેરી અંધાધૂંધી થઈ ઝલકતી ખડી;
ઊંચે એણે કરી દૃષ્ટિ અને કૂટ નિહાળ્યાં આંખ આંજતાં,
જોયું ભીતરમાં એણે અને સૂતા દેવતાને જગાડિયો.
કલ્પનાએ દલો એનાં બોલાવ્યાં જે કરી સાહસ પેસતાં
અનાવિષ્કૃત દેશોમાં, જ્યાં હજી જે કોઈની જાણમાં નથી
એવાં સર્વે અદ્ભુતો છે છુપાયલાંઃ
એણે નિજ ચમત્કારી શિર સુંદર ઊંચક્યું,
પ્રેરણાની બહેનોના વૃન્દ સાથે મળી કાવતરું રચ્યું
દ્યુતિમંત પ્રભામેઘે ભરી દેવા ગગનોને વિચારનાં.
ભ્રમ એક પ્રભાશાળી
ગૂઢતાની વેદિકેરી ધારે ધોરો બની ગયોઃ
ને તમિસ્રા બની ધાત્રી પ્રજ્ઞાના ગૂઢ સૂર્યની
કથા પુરાણની શુભ્ર પોતાના સ્તનના પયે
જ્ઞાનને ધવડાવતી;
પસાર શિશુ થાતું 'તું
પ્રભાહીન સ્તનોથી સુપ્રભાએ સ્ફુરતા સ્તને.
આ રીતે કરતી કાર્ય શક્તિ વૃદ્ધિ પામતા વિશ્વની પરે;
પટુતા સૂક્ષ્મ એહની
પાછું ખેંચી રાખતી 'તી પૂર્ણ એવું જ્વાલામંડલ જોતનું,
આત્માના બાલ્યને હૈયે હેતભેર હુલાવતી,
અને જે મુખ્ય આહારે કે બુદ્ધિક્ષેત્રના સૂકા પરાળથી
કે અસંખ્યાત તથ્યોના ઢેરોએ નીરણોતણા
કે સાધારણ ભોજ્યોએ આજકાલ આપણી વૃદ્ધિ થાય છે
તેનાથી નિજ માધુર્યે ને અમી શા રસે ક્યાંય બઢી જતી
કલ્પનાની કથાઓએ
આત્માકેરા હજી કાચા બાલ્યને પરિપોષતી.
આવી રીતે વહી આવ્યાં પ્રાતઃકાલી પ્રભાકેરા પ્રદેશથી
આકાશી ચિંતનો નીચે લોકમાં જડતત્ત્વના;
સ્વર્ણશૃંગી ઘણો એનાં પૃથ્વીકેરી હૃદ્-ગુહામાં પ્રવેશિયાં.
આપણાં સાંધ્ય નેત્રોને ઉજાળે છે એનાં પ્રભાતરશ્મિઓ,

કાર્યના શ્રમની પ્રત્યે, ને સ્વપ્નાંઓ નિષેવવા,
નવીન સર્જવા માટે, લહેવાને સ્પર્શ સુંદરતાતણો,
જગને જાણવા માટે ને પોતાની જાતનેય પિછાનવા
એનાં કિશોર નિર્માણો પૃથ્વીચિત્તતણી સંચાલના કરેઃ
વિચાર કરવા કેરો અને આંખે દૃષ્ટિમંત થવાતણો
સમારંભ સુવર્ણ શિશુએ કર્યો.

એ ઉજ્જવલ પ્રદેશોમાં
મનકેરાં પ્હેલવ્હેલાં પગલાંઓ પડી આગળ જાય છે.
અજાણ સર્વથી કિંતુ ઉત્સુક સર્વ જાણવા,
ત્યાં આરંભાય છે એની કુતૂહલ વડે ભરી
ધીરી ધીરી તપાસણી;
હમેશાં શોધતું રે'તું
એ લેવા પકડે જાય આકારો આસપાસના,
હમેશાં રાખતું આશા વધુ મોટી વસ્તુઓ શોધવાતણી.
તીવ્રોત્સાહી અને વ્યાપ્ત સૂર્યોદય સમાતણી
આભાએ સ્વર્ણ-વર્ણની
આવિષ્કારતણી ધાર પર સાવધ એ વસે.
કિંતુ જે સૌ કરે છે એ તે છે નાના બચ્ચાકેરા પ્રમાણનું,
જાણે કે વિશ્વ ના હોય બાલોદ્યાનતણી રમત એક કો,
અને મન તથા પ્રાણ ખિલોણાંઓ કોઈ દૈતેય બાળનાં.
ગૂઢ શાશ્વતતાકેરા અકૂલ સિન્ધુમધ્યમાં
કાળકેરા કિનારાની લઈ રેતી
બાંધે કો નકલી કિલ્લો ચમત્કારી રીતે ઘડીક સુસ્થિર,
કરે છે કાર્ય તેમ તે.
છે પસંદ કર્યું નાનું તીક્ષ્ણ શસ્ત્ર મહાસમર્થ શક્તિએ
રાગાવેશભરી મંડી છે એ ખેલે પરિશ્રમી;
જ્ઞાન અજ્ઞાનને દેવાતણા મુશ્કેલ કાર્યની
છે એને સોંપણી થઈ
એનો સંકલ્પ આરંભ કરે મૂળ એક અચેત શૂન્યથી

ને પોતે શિખવાડે જે
તેનું એને પોતાને યે જ્ઞાન મેળવવું પડે,
ને ધારણે ભરી એની બોડમાંથી જગાડવું
પડે છે જ્ઞાન એહને.
કેમ કે બ્હારના લોકમહીંથી આપણે ગૃહે
બોલાવ્યે જ્ઞાન ના આવે બની મ્હેમાન આપણું;
આપણા ગૂઢ આત્માનો છે એ મિત્ર, સંવાસી અંતરંગ એ,
આપણાં મનની પૂઠે છુપાઈને નિદ્રાધીન થયેલ એ
જિંદગીની દીપ્તિઓની તળે ધીરે ધીરે જાગ્રત થાય છે;
બલિષ્ઠ દેવ ઢંઢોળ્યા વિનાનો એ ભીતરે સૂઈ છે રહ્યો,
એને આવાહવો, એને રૂપ દેવું એ છે કાર્ય નિસર્ગનું.
સત્યાસત્યતણી અંધાધૂંધી રૂપ બધું હતું,
શોધતું 'તું મન ગાઢાં ધુમ્મસોની મધ્યે અજ્ઞાનતાતણાં;
નિજ ભીતરમાં એણે જોયું કિંતુ જોયો ન ભગવાનને.
એક અંતરિમા કૂટનીતિએ સ્થૂલ દ્રવ્યની,
હયાતી ભોગવે સત્યો ક્ષણજીવી પ્રકારનાં
તેને માટે સત્યકેરો ઇનકાર કર્યો હતો,
ને ધર્મમત ને તર્કે સંતાડીને રાખ્યો 'તો એહ દેવતા,
કે જેથી વિશ્વ-અજ્ઞાન ધીરે ધીરે પ્રજ્ઞાવાન બની શકે.
સર્વસત્તા ચલાવંતા મને ઊભું આ અંધેર કર્યું હતું,
લસતી ગિરિ-ધારેથી રાત્રિમધ્યે દૃષ્ટિપાત કરી તળે
એણે આરંભ કીધો 'તો અચિત્ સાથે નિજ વ્હેવાર તે સમેઃ
બાધા પામ્યાં હતાં એનાં દીપ્ત નેત્રો પરદેશી પ્રદોષથી;
સાવધાન સમુત્સાહ એના ક્ષિપ્ર હસ્તોએ શીખવો રહ્યો;
ધરા ધારી શકે માત્ર ધીરી પ્રગતિની ગતિ.
તે છતાં યે પ્રાણશક્તિ અને પિંડ દ્વારા યોજી કઢાયલાં
કામચલાઉ ઓજારો જેને લેવાં પડે છે વપરાશમાં
તેવું જે બળ પૃથ્વીનું તેથી ન્યારું બળ એની મહીં હતું.
સંદેહાત્મક આભાસો દ્વારા પૃથ્વી સઘળું અવલોકતી,
દૃષ્ટિ આકસ્મિકીકેરી ફૂટી જે સેડ છૂટતી

તેની સાહ્ય લઈને એ સઘળા ખ્યાલ બાંધતી
નાની જોતો જલાવંતી સ્પર્શો દ્વારા ફાંફાંમાર વિચારના.
ચૈત્યાત્માની દૃષ્ટિ અંતર્મુખી સીધી છે એની શક્તિ બ્હારની,
તૂટક આંચકે જોતી, અને જ્ઞાનતણા ભંગાર રેણતી,
સત્યને નિજ તંગીની બંદી-બાલા બનાવતી,
નિસર્ગ-એકતા ગૂઢ બહિષ્કારી ચરરૂપ સમસ્તને
નિશ્ચિત પરિમાણે ને પિંડપુંજે વિભાજી નાખતી હતી;
નિજ અજ્ઞાનનો એણે લીધો છે ગજ માપવા,
પોતાના ક્ષેત્રમાં મોટે અધિકારે અને દ્રષ્ટા સ્વરૂપ જે,
અને સૂર્ય જેનો અર્ધોદયે હતો,
તે એ મહત્તરા શક્તિ સીમાઓમાં રહીને કાર્ય સાધતી,
હતું પરંતુ સ્વામિત્વ એનું સ્વ-ક્ષેત્રની પરે;
હકે વિચારતી શક્તિતણા એ જાણતી હતી
અને એનો હતો દાવો દૃષ્ટિકેરા બાલ-પ્રભુત્વની પરે.
ગમે તેવી ભલે કાળી કિનાર ત્યાં
છતાં આંખોમહીં એની કોઈ મોટા દેવદૂતની
દૃષ્ટિની દીપ્તિઓ હતી,
જે દેવદૂત પોતાની પ્રેરણાથી જાણી લેતો પ્રવૃત્તિઓ,
ને દૂર દૂર જોનારી જોતથી નિજ દૃષ્ટિની
રચતો એક લોકને.
નિજ પ્રદેશમાં એ ના ઠોકરાતી કે નથી નિષ્ફલા જતી,
પરંતુ સંચરે છે એ સીમાઓમાં રહીને સૂક્ષ્મ શક્તિની
જેને પાર કરી ચિત્ત સૂર્ય પ્રત્યે પગલાંઓ ભરી શકે.
ઊર્ધ્વના અધિરાજત્વ માટે ઉમેદવાર એ,
સંચારમાર્ગ છે એણે કાપી કાઢયો રાત્રિથી જ્યોતિએ જતો,
ને જે સર્વજ્ઞતા હાથે નથી આવી તેની એ શોધમાં રહી.

ત્રિદેહી ત્રિપુટી એક વામણી તે એની ગુલામડી હતી.
ત્રણેમાં સહુથી નાની પહેલી, તે હતી સુદૃઢ અંગની,
નીચાં ભવાં હતાં એનાં અને ભારે જડબું સમચોરસું,

વિચાર વેંતિયો જેને મર્યાદામાં રહેવાની જરૂરત
હકીકત અને ઘાટ ઘાણથી કાઢવા ઘડી
હતો એ ઝૂકતો સદા.
તલ્લીન ને પુરાયેલો કોટડે બાહ્ય દૃષ્ટિના
પગ માંડી ખડો રે'તો એ નક્કૂર પાયા પર નિસર્ગના.
પ્રશંસાપાત્ર શિલ્પી એ, કિંતુ કાચો વિચારક,
ટેવકેરી ઘરેડો શું જિંદગીને જોડી દે એ રિવેટથી,
જડ દ્રવ્યતણા અત્યાચારને વશ વર્તતો,
ને જે બીબાંમહીં કાર્ય કરે પોતે તેનો બંદિ બની જતો,
પોતે જે સર્જતો તેની સાથે પોતે પોતાને બદ્ધ રાખતો.
નિર્બાધ નિયમોકેરા નક્કી એવા ઢેરકેરો ગુલામ એ
જુએ છે કાયદા રૂપ ટેવોને દુનિયાતણી,
ટેવો મનતણી એહ જુએ છે સત્ય રૂપમાં.
નક્કર પ્રતિમાઓનો ને બનાવોકેરો એનો પ્રદેશ છે
ચકરાતાં રહે છે જે પ્રકલ્પોને વર્તુલે જર્જરાયલા
ને જાણીતાં અને જૂનાં કાર્યોકેરી કર્યા આવૃત્તિઓ કરે,
છે જે સામાન્ય ને જ્ઞાત તેનાથી તુષ્ટ એ રહે.
હતો નિવાસ પોતાનો તે જૂના સ્થાનની પરે
એહનો અનુરાગ છેઃ
ધૃષ્ટતાએ ભર્યું પાપ ગણી એ ફેરફારનો
ધિક્કાર કરતો હતો,
અવિશ્વાસતણી આંખે જોતો 'તો એ નવી પ્રત્યેક શોધને,
અગાડી ચાલતો પાય પછી સાવધ પાયથી
ને જાણે ઘોર કો ગર્ત હોય એમ બીતો એ અણજાણથી.
નિજ અજ્ઞાનનો શાણો સંઘરો કરનાર એ
સંકોચાઈ પાછો સાહસથી પડે,
ભવ્ય આશાતણી આગે પોપચાં પલકાવતો
વિશાળા ને ઉચ્ચમાંથી હર્ષ જે જોખમી મળે
તેને સ્થાને સુરક્ષાએ ભર્યું સ્થાન પગલાં માંડવાતણું
પસંદ કરતો હતો.

જગના મંદ સંસ્કારો શ્રમસેવી એના મનતણી પરે,
પ્રાયઃ ભૂંસાય ના એવી છાપો ધીરે પડેલ, તે
નિજ દારિદ્યને લીધે નિજ મૂલ્ય વધારતી;
ખાતરીબંધ જૂની જે સ્મૃતિઓ, તે તેની મૂડી હતી જમાઃ
ઇન્દ્રિયગ્રાહ્ય છે જે તે એકલું જ સાવ સંપૂર્ણ લાગતું:
બાહ્યની વસ્તુતાને એ એકમાત્ર સત્યનું રૂપ આપતો,
પૃથ્વીની પ્રતિ જોનારી દૃષ્ટિ સાથે પ્રજ્ઞા એક બની હતી,
અને સુચિર જાણેલી વસ્તુઓ ને કર્મો નિત્ય કરાયલાં
એના આગ્રહિયા ગ્રાહ માટે એક કઠેરો જાય છે બની
જેની સલામતીમાં એ ચડે સીડી કાળની જોખમે ભરી.
સ્વર્ગની પર વિશ્વાસ એને માટે જૂના સ્થાપિત માર્ગ છે,
હક માનવને જેમાં ફેરફાર કરવાનો કશો નથી
એવા અફર કાયદા,
પવિત્ર વારસો મોટા મરેલા ભૂતકાળનો,
યા તો જીવનનો એકમાત્ર માર્ગ પ્રભુ દ્વારા રચાયલો,
કદી બદલવાનો ના એવો પાકો ઘાટ એક નિસર્ગનો,
વિશ્વના સુમહત્ કાર્યક્રમનો એક ભાગ વા.
ભુવનોના પરિત્રાતાકેરા એક કૃપા-સ્મિતે
રખેવાળી કરંતા આ મનને છે પૃથ્વી ઉપર પાઠવ્યું
કે સૌ સ્થિત રહે નક્કી કરાયેલા નિજ આદર્શ રૂપમાં
ને ભૌતિક અવસ્થાથી પોતાની ના ચળે કદી.
સ્વકાર્યને વફાદાર રહી એ ઘૂમતું રહે
સોંપાયેલા રૂઢ એક ચકરાવે અથાક એ;
જીર્ણ-શીર્ણ થઈ જાતાં કાળ-કાર્યાલયોમહીં
રાખે બારીક ચોકી એ દીવાલોની સામે દાણ-ઘરોતણી,
કે પુરાણી રાત્રિકેરી આસપાસ ધૂંધળા શા પ્રદેશમાં
પથરા પર નાના શા ચોકકેરા બેસીને ઝોકતો રહે,
ઘરને ફાડવા એના આવેલા કોક શત્રુની
સામે જેમ ભસે તેમ
પ્રત્યેક અણજાણીતી જ્યોતિ સામે ભસ્યા કરે,

છે એ કો શ્વાન શો ચોકી કરનારો આત્માના ઘર-વાસની,
ઇન્દ્રિયોના કઠેડાની જેમ આસપાસમાં એક વાડ છે,
ઘૂસી અદૃશ્યમાંથી કો આવે ના ત્યાં તેની ખબર રાખતો,
પ્રાણે ત્યાં હોય નાંખ્યા જે ટુકડા ને
જડતત્ત્વે નાંખ્યાં જે હોય હાડકાં
તેનાથી પુષ્ટિ પામતો,
કુત્તાવાસે વસે છે એ વસ્તુનિષ્ઠ નિશ્ચયાત્મકતાતણા.
ને છતાં પૂઠળે એની વિશ્વવ્યાપી સામર્થ્ય એક છે ખડું:
માત્રાબદ્ધ મહત્તાએ રાખી છે નિજ સાચવી
વિશાળતર યોજના,
તાલબદ્ધ બનાવે છે સંચાર જિંદગીતણો
જેનો તાગ નથી તેવી તદેવતા;
બદલાય નહીં એવી કક્ષાએ તારકોતણી
ચાસ પાડી રહેલી છે નિશ્ચેષ્ટ અવકાશમાં,
જીવોની જાતિઓ લાખો
રહી અનુસરી એક મૂગો નિયમ સૃષ્ટિનો.
અપાર જડતા વિશ્વકેરી એનો બચાવ છે,
વિકાસશીલમાંયે છે નિધિ સંચ્યો વિકારમુક્તતાતણો;
જડતાની અવસ્થામાં નિમગ્ના ક્રાંતિ થાય છે,
નવો પોશાક પ્હેરીને ભજવે છે પુરાણા નિજ પાઠને;
તેજ:શક્તિ કરે કાર્ય અને સ્થાણુ છે મુદ્રાછાપ એહની:
શિવશંકરના વક્ષ:સ્થલે નૃત્ય વિરાટ ટેકવાયલું.
ત્રણમાંની પછી આવી બીજી ધગશથી ભરી.
અસવાર થયેલી એ હતી ખૂંધી રાતા અરણ્ય-રાસભે,
મહતી ગૂઢ જ્વાળા જે વિશ્વોને વીંટળાઈ છે,
ને ઘોર નિજ ધારે જે કોરી ખાતી જાય છે હૈયું જીવનું,
તેમાંથી કૂદકો મારી સિંહની યાળને ધરી
બુદ્ધિ આવી ધૃષ્ટ સાહસથી ભરી.
એમાંથી અભિલાષાનું દીપ્ત દર્શન ઉદ્ભવ્યું.
હજારો રૂપ એ લેતી, નામ નિ:સંખ્ય ધારતી:

જરૂરિયાત બાહુલ્ય ને અનિશ્ચિતતાતણી
આર મારી એક પ્રત્યે એને હંમેશ પ્રેરતી,
લઈ અસંખ્ય માર્ગોએ જતી મોટા વિસ્તારો પર કાળના,
ચક્કરોમાં થઈ અંત વિનાની ભિન્નતાતણાં.
એક કળાય ના એવી આગથી એ ભાળે છે હૃદયો બધાં.
પ્રભા પ્રસ્ફુરતી એક અંધારા સ્રોતની પરે,
સ્વર્ગ પ્રત્યે ભભૂકી એ, પછી નીચે ધબી અને
ગળાઈ ગર્તમાં ગઈ;
સત્યને કીચડે ખેંચી લાવવાને માટે એ ઊર્ધ્વમાં ચડી
વાપરી શક્તિ પોતાની ઉજ્જ્વલંતી મેલા ઉદ્દેશ સાધવા.
સોનેરી, આસમાની ને રાતો એક કાચિંડો ભીમકાય એ,
કાળો, રાખોડિયો, મેલો બભ્રુવર્ણ બની જતો,
ટપકાં ટપકાંવાળી ડાળીએ એ બેસીને જિંદગીતણી
બુભુક્ષિત રહે તાકી ને મોં મારી ઝડપે સુખ-જંતુઓ
-ભાવતા નિજ ભોજ્યને;
ગંદો ખોરાક એ એના વૈભવી વપુ કાજનો
રંગોની દીપ્તિનો રાગ પ્રપોષતો.
કાળા વાદળના પુચ્છવાળો જ્વાલા ભુજંગ એ
આવતો લઈને પૂંઠે ચમકારા મારનારા વિચારની
મોટી ભૂંજર સ્વપ્નની,
ઊંચકાયેલ છે માથું, છે છાંટ બહુરંગિયા
કલગીઓ પરે તગતગ્યે જતી,
ધૂમ્રવર્ણી જીભથી એ જ્ઞાનને ચાટતો હતો.
ખાલીખમ હવા ચૂસી લેતી વમળ-ઘૂમરી
ખાલીખમતણે પાયે દાવા મોટા મોટા એ રાખતી હતી,
જન્મેલી શૂન્યમાંથી એ ફરી પાછી શૂન્ય પ્રત્યે જતી હતી,
છતાં ભાન વિના હંકારતી 'તી સર્વદૈવ એ
જે સર્વરૂપ છે તેવા છૂપા કૈંકતણી પ્રતિ.
તીવ્ર ઉત્સાહવંતી, ના ધારણાની શક્તિ કિંતુ ધરાવતી,
ઓજસ્વી એક અસ્થૈર્ય હતું લક્ષણ એહનું,

સ્ખલવું સહજા વૃત્તિ, સંજ્ઞા સ્વાભાવિકી હતી.
વિચાર વણ લેવાને માની તત્પર તુર્ત એ,
નિજાશાઓતણી શ્લાઘા કરનારા સૌને એ સત્ય માનતી;
વ્હાલાં એને લાગતાં 'તાં મનીષાનાં જાયાં સુવર્ણ શૂન્યકો,
મારી ઝડપ લેવા એ જતી ચારા માટે અસાર વસ્તુને.
અંધકારમહીં એને દીપ્તિમંત આકારો આવતા મળી;
છાયાના પડદાવાળી અર્ધ-જોતમહીં એ ડોકિયું કરી
રંગીન પ્રતિમાઓને પેખતી 'તી કલ્પનાના તરંગની
ગુહાગહ્વર પે આંકી કઢાયેલી ઉતાવળે;
અનુમાનતણી રાત્રીમધ્યે યા એ ચક્કરો લઈ ઘૂમતી
ને કૅમેરે કલ્પનાના ક્ષણભંગુર જ્યોતિઓ
આશાસ્પદ ધરે દૃશ્યો ઊજળાં જે તેનાં બિંબન ઝીલતી,
ત્વરંતાં સપનાંકેરા ચરણો જિંદગીતણી
હવામાં સ્થિર સ્થાપતી,
સંચરંતાં સ્વરૂપો ને શક્તિઓ અવગુંઠિતા
ને અર્ધદૃષ્ટ સત્યોની મૂર્ત્તિઓ જે ઝબકારે થતી છતી,
તેમની પડતી છાપ સંઘરી રાખતી હતી.
તર્કથી વણ દોરાયો યા દૃષ્ટિમંત આત્મથી,
પકડીને લઈ લેવા પોતા માટે એનો આતુર કૂદકો
એની પ્હેલી તથા છેલ્લી ચેષ્ટા સ્વાભાવિકી હતી,
અશકય કરવા સિદ્ધ વેડફંતી હતી જીવનશક્તિ એ:
ધૂત્કારી કાઢતી 'તી એ માર્ગો સીધા,
અને દોડી જતી 'તી એ વળાંકોમાં ગમે ત્યાં રખડયે જતા,
અને ન અજમાવેલી વસ્તુઓને
માટે છોડી હતી દેતી કરેલું હોય પ્રાપ્ત તે;
આસન્ન ભાવિને રૂપે જોતી લક્ષ્યો અસિદ્ધ એ,
ને કૂદી સ્વર્ગમાં જાવા પસંદ કરતી હતી
કારમી કો કરાડને.
રીત સાહસની એહ સેવતી 'તી જુગારે જિંદગીતણા,
ને આકસ્મિક લાભોને માનતી એ પરિણામો સલામત;

એની વિશ્વાસની દૃષ્ટિ નાસીપાસ ન 'તી સ્ખલનથી થતી,
આત્મમાર્ગોતણા ઊંડા ધર્મકેરું એને જ્ઞાન હતું નહીં
અને નિષ્ફળતા એના ધગશે ભર ગ્રાહને
મંદ ના શકતી કરી;
એકાદ સિદ્ધિ પામેલી તક બાકી બધાયની
ગેરંટી આપતી હતી.
પ્રયત્નમાત્ર, ના પ્રાપ્તિ જયકેરી હતી જીવન-મોહિની.
અનિશ્ચિત વિજેત્રી એ અનિશ્ચિત પણોતણી,
સહજપ્રેરણા એને માટે બંધ રોકનારો બની હતી,
ને એના તાતને સ્થાને હતું માનસ પ્રાણનું,
દોડતી એ હતી એની શરતે ને
એમાં પ્હેલી કે છેલ્લી આવતી હતી.
ને તે છતાં ન 'તાં એનાં કાર્યો નાનાં, નજીવાં કે નિરર્થક;
અંશ અનંતતાકેરા ઓજનો એ ઉછેરતી,
ને એના મનના તુક્કા વાંછતા તે
વસ્તુઓ ઉચ્ચ ઉત્પન્ન કરી એ શકતી હતી;
પ્રશાંત બુદ્ધિ ચૂકી જે જતી તે આવતું હતું
એના રાગાવેગના ગ્રાહની મહીં.
ઉચ્ચ વિચાર વિદ્યુમ્ન ધુમ્મસે જે સ્વર્ગો સંતાડતો હતો
તેમને કૂદકો મારી ભાવાવેશ એનો પકડતો હતો,
ગ્રહતો ઝબકારાઓ આવિષ્કાર કરતા ગુપ્ત સૂર્યનોઃ
ઊંડી તપાસણી રિક્તકેરી એ કરતી, અને
એને ત્યાંથી ખજાનો લાધતો હતો.
અર્ધ-અંતર્જ્ઞાન એના ઇન્દ્રિયજ્ઞાનની મહીં
બની જાંબુડિયું જતું;
શૂલ વિદ્યુતનું નાખી વીંધતી એ અદૃષ્ટને
અંધારામાં દેખતી એ ને પ્રકાશે આંખો પટપટાવતી
હતી સંદિગ્ધતાભરી,
અજ્ઞાન ક્ષેત્ર એનું ને અવિજ્ઞાત
હતું મોંઘી વસ્તુ વિજયલાભની.

આ સૌમાં સર્વથી મોટી શક્તિ ને અંતિમા હતી.
મોડી આવી હતી એહ દૂરકેરી ભૂમિકાથી વિચારની
વિવેચના વિનાના ને યદૃચ્છાના ખીચોખીચ ભર્યા જગે,
સંવેદાતું હતું સર્વ જહીં સ્થૂલ પ્રકારથી
ને અંધ વિધથી થતું,
ને છતાં જ્યાં દૈવયોગ અનિવાર્ય જ લાગતો,
ત્યાં આવી બુદ્ધિ શિલ્પી ને આસનસ્થિત દેવતા,
કટકે કાળના ઉચ્ચ કર્યો એણે નિવાસ સાંકડે ઘરે.
હતી નિપુણ એ સ્પષ્ટ યુક્તિમાં ને પ્રયુક્તિમાં,
મુખે ચિંતનની મુદ્રા, અને આંખો બારીક અવલોકતી,
હઠાવ્યું જાય ના એવું લીધું એણે પોતાનું દૃઢ આસન,
પિશાચી શી ત્રણેમાં એ હતી સૌથી ડાહી ને દૈવતે ભરી.
લેન્સ ને માનદંડે ને શોધનારી શલાકાએ સુસજ્જ એ
વસ્તુતાનું વિશ્વ જોતી ને તે મધ્યે જીવતા ને મરી જતા
સમૂહો અવલોકતી,
અવકાશતણી કાયા
અને ભાગી જતો આત્મા કાળકેરો વિલોકતી,
ને લઈ હાથમાં પૃથ્વી અને તારા આ વિલક્ષણ વસ્તુઓ
વડે પોતે બનાવી શું શકે છે તે જોતી એ અજમાયશે.
બળશાળી અર્થપૂર્ણ શ્રમસેવી પોતાના મનની મહીં
વસ્તુતાનાં વિધાનોની રેખાઓ એ પોતાની પ્રકટાવતી,
અને સાથે પ્રયોજી બ્હાર કાઢતી
સ્વકાળ યોજનાકેરા વળ ભૂમિતિએ રચ્યા,
નિજ ધીરા અર્ધ-કાપો સત્ય પ્રત્યે ગુણાકારે બઢાવતી:
સમસ્યા ને અવિજ્ઞાત પ્રત્યે અધીર એ હતી,
છે નિરંકુશ ને ન્યારું તેની પ્રત્યે રાખતી અસહિષ્ણુતા,
વિચાર લાદતી આગેકૂચની પર શક્તિની,
છે જે અગાધ તેને તે થવા સ્પષ્ટ નિદેશતી,
ગૂઢતાના વિશ્વને એ નિયમોનું બનાવવા
પ્રયત્ન કરતી હતી.

કશું એ જાણતી ન્હોતી,
કિંતુ આશા રાખતી 'તી જાણવાની સમસ્તને.
કાળા અચિત્ પ્રદેશોમાં એકદા જ્યાં વિચારશૂન્યતા હતી,
તમોગ્રસ્ત વિરાટે ત્યાં પોતાનું રશ્મિ પ્રેરવા
એને નિયુક્ત કીધી 'તી પરમોચ્ચ પ્રજ્ઞાએ કાર્યની પરે,
અપૂર્ણ જ્યોતિ પોતે તે ભૂલચૂક કરનારા સમૂહને
ઇન્દ્રિયજ્ઞાનના, ભાવના ને શબ્દતણા સામર્થ્યના વડે
દોરવીને લઈ જતી,
પ્રક્રિયાઓ પ્રકૃતિની, સારદ્રવ્ય અને કારણ ખોજતી.
સારા જીવનમાં મેળ આણવાને કાબૂ દ્વારા વિચારના
મથી રહી હજીયે એ ગોલમાલ સાથે જંગી પ્રમાણના;
પોતાના શોધતા ચિત્ત વિના બીજું બધું એ નવ જાણતી
બચાવી વિશ્વને લેવા અવિદ્યાથી છે એનું આવવું થયું.
શતકોથી સર્વશ્રેષ્ઠ કાર્યકર્ત્રી બનેલ એ
છે જે અસ્તિત્વમાં તેને નિરીક્ષંતી ને ફરી ઘાટ આપતી,
સોંપણી અતિશે મોટી સવિશ્વાસ એણે હાથે ધરેલ છે.
પણે વાંકી વળેલી એ મહામૂર્ત્તિ વિરાજતી
પોતાની કર્મશાળાના દીપ્ત દીપોતણી તળે,
ઠણત્કારો-રણત્કારો વચ્ચે સ્વ હથિયારના.
કઠોરતા ભરી મીટ એની સર્જક આંખની
વૈશ્વ માનસના માટી-મૃદુ દ્રવ્ય પર દોર ચલાવતી,
સ્વમસ્તિષ્કતણી રુક્ષ હોય છે જે બનાવટો
તેમની પાડતી ભાતો સદાની સ્થિરતાવતીઃ
છે ઉદાસીન એ મૂગી વિશ્વની માગણી ભણી,
અત્યંત ગાઢભાવી જે સત્યતાઓ તેનું એને ન ભાન કૈં,
વિચાર વણબોલાયો ને હૈયું નવ બોલતું,
તેની એને ન ચેતના,
પોતાના સંપ્રદાયો ને પોતાના લોહ-કાયદા,
બંદી બનાવવા માટે જિંદગીને છે તે માનસ-માળખાં,
ને યાંત્રિક નમૂનાઓ અસ્તિવંતી સઘળી વસ્તુઓતણા

એ ઘડી કાઢવા વળે.
દૃષ્ટ જગતને સ્થાને કલ્પનાનું વળી એ વિશ્વ કાઢતીઃ
રચે છે શબ્દ-જાળો એ અવાસ્તવ વિચારની
સૂક્ષ્મ સખત સૂત્રો જ્યાં છે છતાં જે અસાર છે,
એની પદ્ધતિઓ ખંડરૂપતા જે આપી દે છે અખંડને,
શાસ્ત્રો એનાં ઈશ્વરીય ને ઉત્પત્તિ-શાસ્ત્ર સંસાર સર્વનું
નકશાઓ આપી એ બતલાવતી
અનાખ્યેયતણી વ્યાખ્યા આપતી એ પુરાણોની સહાયથી.
અસંખ્ય ફિલસૂફીઓ એની ચૂસ્ત છે મંડાયેલ મોરચે,
વિશાળા સત્યને તેઓ બળાત્કારે સંકડાશે સમાવતી,
બુદ્ધિની પાઠશાળામાં ટાંગેલા નકશા ન હો
તેમ મનતણી આવી હવામાં એ ઇચ્છાનુસાર એમને
કરી જગ્યા ગોઠવી આપતી હતી;
પિંડ પ્રકૃતિકેરો જે દૃશ્ય જગત-રૂપ છે
તેને વિચારની તીણી ધારે કોરી કાઢે એ સખ્ત રેખમાં,
રેલપાટા રચે એમ જેની ઉપર દોડતી
શક્તિ વિશ્વ-જાદૂના કરનારની
વિજ્ઞાનશાસ્ત્ર આ એનાં ચોકસાઈભર્યાં સંપૂર્ણ રૂપનાં.
માનવી અજ્ઞાનકેરી દીવાલો જે ખુલ્લી ને ભીમકાય છે
તહીં પ્રકૃતિની ગૂઢ મૂક ચિત્રલિપિની આસપાસ એ
સર્વસામાન્ય ને સ્પષ્ટ અક્ષરોએ લઈને લેખની લખે
સ્વ વિચારોતણો વિશ્વકોષ મોટા પ્રમાણનો;
એનાં ગણિતશાસ્ત્રોની સંજ્ઞાઓનું,
સંખ્યાઓનું અને ભૂલ વિનાનાં વિધિસૂત્રનું
બીજગણિત એ દે છે બનાવી જેહની મહીં
વસ્તુઓના અહેવાલો સાર રૂપે રખાય છે.
જાણે કે હોય ના કોઈ વિશ્વવ્યાપી મસીદમાં
તેમ આલેખતી 'તી એ આયતો ત્યાં પોતાના કાયદાતણી,
જેમાં સુશોભનો રમ્ય આવતાં 'તાં નિસર્ગનાં,
પોતાની પ્રાજ્ઞતાકેરી કલા, વિદ્યાકેરું કૌશલ જ્યાં હતું.

આ કલા, આ કલાબાજી હતાં એકમાત્ર ભંડોળ એહનું.
વિશુદ્ધ બુદ્ધિનાં એનાં કાર્યો ઉત્કૃષ્ટ થાય ત્યાં
ઇન્દ્રિયોના સકંજાથી નીકળી એ પ્રત્યાહાર કરંત ત્યાં,
ભીંતોનું મનની ભાંગી પડવાનું થતું નહીં,
પૂર્ણ શક્તિતણા ચીરી નાખતા ઝબકારનો
મરાતો કૂદકો નહીં,
દિવ્ય નિશ્ચિતતાકેરો પ્રાતઃકાલી પ્રકાશ મળતો નહીં.
એનું જ્ઞાન અહીં ધારે મુખડાં લાખલાખ કૈં,
ને તે પ્રત્યેકને માથે શંકાકેરી પાઘડી છે મુકાયલી.
સૌને એ પ્રશ્ન પૂછે છે પછીથી તે સર્વ શૂન્યે શમી જતું.
એનાં પુરાણ ન મોટાં પુરાણોનાં લખાણ જે
એકવાર પ્રભાવી ને મહાશિલ્પતણી કળા
બન્યાં 'તાં ભવ્ય તે આજે અલોપ થઈ જાય છે,
ને સ્થાન તેમનું લેવા સંજ્ઞાઓ કરડી અને
ક્ષણભંગુર આવતી;
પરિવર્તન આ ચાલુ એની આંખે ઉત્કર્ષ રૂપ લાગતુંઃ
લક્ષ્યહીણી અંતહીણી આગેકૂચ રૂપ એનો વિચાર છે.
એવું શિખર ના એકે જેની પર ખડી રહી
એક દૃષ્ટે જ જોઈ એ શકે આખા અનંતને.
નિર્ણયાત્મક ના એવો ખેલ છે શ્રમ બુદ્ધિનો.
પ્રત્યેક પ્રબળો ભાવ પોતાના હથિયારને
રૂપે એનો ઉપયોગ કરી શકે;
પ્રત્યેક બ્રીફ સ્વીકારી એ પોતાની વકીલાત કરી શકે.
સર્વે વિચારની પ્રત્યે ખુલ્લી એ ના જ્ઞાનને મેળવી શકે.
ન્યાયાધીશતણે સ્થાને બેસાડેલો અધિવક્તા સનાતન
અભેદ્ય કવચે તર્કયુક્તિકેરા સજાવતો
સત્યની છન્ન ગાદીને
માટે યુદ્ધે ઊતરેલા હજારો યુદ્ધવીરને;
તે એમને ચઢાવીને ઉચ્ચ અશ્વપૃષ્ઠ પર દલીલની
ન કોઈ પણ જ્યાં જીતે એવા ખાલી ખેલના ખાસ દંગલે

પ્રેરે છે શબ્દના ભાલા સામસામા ચલાવવા.
સમતોલપણે બેસી વ્યાપ્ત ખાલી હવામહીં
રાખી તટસ્થતા શુદ્ધ પક્ષાપક્ષી તજી દઈ
કપરી કૈં કસોટીઓ દ્વારા મૂલ્યો એ ચકાસે વિચારનાં,
એના સંપૂર્ણ દેખાતા હોય છે ન્યાયનિર્ણયો
તે છતાં યે નથી એકે ખાતરીબંધ એ મહીં;
અપીલ કરતો કાળ ચુકાદાઓ એના રદ બનાવતો.
આપણા આગિયા જેવા મનને રવિ-રશ્મિ શું
શુદ્ધ સ્વર્ગથકી નીચે ઊતરી હોય આવતું
એવું એનું જ્ઞાન જોકે જણાય છે
તે છતાં કિરણો એનાં રાત્રિમાં છે દ્યુતિ દીપકમાત્રની;
અજ્ઞાન પર નાખે એ ઝબ્ભો ઝબકથી ભર્યો.
પણ નષ્ટ હવે એનો રાજશાહી દાવો પ્રાચીન કાળનો,
સંપૂર્ણ હકથી રાજ્ય મનની ઉચ્ચ ભૂમિકા
પર એનું ચાલવાનું હવે નથી,
તર્કકેરી બનાવેલી સંગીન સાંકળે હવે
અસમર્થ બાંધવાને વિચારને,
યા હવાઈ ઊજળા ઓસની મહીં
નહીં જોઈ શકે સત્યકેરું નગ્ન સ્વરૂપ એ.
એ સ્વામિની અને દાસી દૃશ્ય આભાસમાત્રની
સ્ખલંતી દૃષ્ટિના માર્ગો પર યાત્રા કર્યા કરે,
યા પોતાનાં સાધનોએ પોતા માટે રચેલ છે
તે યંત્રસ્થિરતાબદ્ધ જગને અવલોકતી.
સિદ્ધ તથ્યતણે ગાડે જોડેલા બેલ જેમ એ
ગાંસડીઓ જ્ઞાનકેરી મોટી મોટી ધૂળમાં જડ દ્રવ્યની
ખેંચી પ્હોંચાડતી બ્હોળા બજારે વપરાશના.
પુરાણા વૈતરા પાસે પોતાના એ શિક્ષા-અર્થી બનેલ છે;
ગોચરજ્ઞાન પામેલું
સાહ્ય એની માર્ગણામાં કરે કામ લવાદનું.
આને એ નિકષગ્રાવા રૂપે વાપરતી હવે.

જાણે ના જાણતી હોય કે છે સત્યતણાં છોડાં હકીકતો
તેમ છોડાં રાખતી એ, ગર આઘો ઉશેટતી.
વિલાઈ લય પામે છે પ્રાચીન જ્ઞાન ભૂતમાં,
યુગોની જે હતી શ્રદ્ધા ને મિથ્યા બનતી કથા
પ્રબુદ્ધ ચિંતનામાંથી પ્રભુ બ્હાર પસાર થઈ જાય છે,
જેની જરૂર ના એવા ઉવેખેલા પુરાણા સ્વપ્નના સમોઃ
ચાવીઓ માત્ર ચાહે એ યંત્રાકાર નિસર્ગની.
પરિહાર્ય નહીં એવા શિલા જેવા
કાયદાઓકેરો અર્થ ઘટાવતી,
જડદ્રવ્યતણી માટી ખોદે છે એ
કઠિના ને છુપાવી કૈંક રાખતી,
કરેલી સૌ વસ્તુઓની પ્રક્રિયાઓ આણવાને પ્રકાશમાં.
એની આતુરતાયુક્ત પ્રશંસંતી આંખોની તાક સામને
ખડું થાય લદાયેલું જંગી યંત્ર સ્વયંસંચાલનાતણું,
જહીં અટપટી અર્થહીન યાંત્રિકતામહીં
યદૃચ્છા કરતી કાર્ય વ્યવસ્થિત પ્રકારથી
ને જે મહત્ત્વથી પૂર્ણ કાર્ય નિષ્ફળ ના જતુંઃ
યુક્તિબાજ, ડરી રે'તી સાવધાન અને ઝીણવટે ભરી,
જડસી, ચેતનાહીન, ચોક્કસ તરકીબથી
કરે પ્રકટ એ ભૂલ વિના કૂચ,
નકશો લે ખાતરીબંધ માર્ગનો;
વિના વિચાર આયોજે, વિના સંકલ્પ વર્તતી,
વિના હેતુ કરે સેવા લાખો એ હેતુઓતણી,
વિના મન રચે એક જગ બૌદ્ધિક યુક્તિનું.
ન સંચાલક કો એનો, ન કો કર્ત્તા, ને ન ભાવવિચાર કોઃ
પરિશ્રમ કરે એનું સ્વયંકાર્ય અકારણ;
ઓજઃશક્તિ પ્રાણહીન દુર્નિવારપણે પ્રેરણ પામતી,
અવશ્યંભાવિતાકેરે દેહે મસ્તક મૃત્યુનું
જન્મ જીવનને આપે ને ચૈતન્યતણી ઉત્પાદિકા બને.
પછી આશ્ચર્ય પામે કે હતું કેમ બધું

ને એ બધું આવ્યું કહીં થકી.
વિચારો આપણા ભાગો છે એ તોસ્તાન યંત્રના,
મનનો આપણાં સ્થૂલ દ્રવ્યના કાયદાતણી
માત્ર એક મનસ્વિતા,
વિદ્યા મર્મીતણી એક કલ્પનાનો તરંગ કે
પડદો એક આડશે;
ચૈત્યની કે આત્મની ના કૈં જરૂર હવે આપણને રહીઃ
પ્રશસ્યા સત્યતા એક છે ને તે જડતત્ત્વ છે,
એ પ્રત્યક્ષ ચમત્કાર અનિવાર્ય પ્રકારનો,
સંગીન સત્ય સાદું ને સદાનું ને એકમાત્ર સમસ્તનું.
આત્મઘાતી સાહસી કો વ્યયે એક આત્મલોપી રહસ્યના
દ્વારા જગત છે સર્જ્યું, ને ખાલી અવકાશની
પર છૂટાંછવાયાં છે વેરેલાં નિજ કાર્યને;
શક્તિ સ્વાત્મ વિખેરંતી લાંબા સમયની પછી
જે અપાર પોતે વિસ્તાર છે કર્યો
તેનો સંકોચ સાધશેઃ
અંત ત્યારે આવવાનો આ બલિષ્ઠ અર્થહીન પ્રયાસનો,
પૂર્વવત્ શૂન્ય ખુલ્લું ને ખાલી ત્યારે બની જશે.
આમ ન્યાય્ય બની તાજદાર ભવ્ય વિચાર નવ બોલતો,
વિશ્વની કરતો વ્યાખ્યા
અને સ્વામી એના સર્વે નિયમોનો બની જતો
સ્પર્શતો મૂક મૂળોને ને એની અવગુંઠને
રહેલી શક્તિઓ જંગી જગાડતો;
એનાં અચેત જીનોને બાંધી એણે સેવામાં યુક્ત છે કર્યાં,
જે જીનો જડની અજ્ઞ મૂર્છામાં છે સૂતેલાં વણવાપર્યાં.
હતું ચોક્કસ ને સ્તબ્ધ ને અસંદિગ્ધ સર્વ કૈં.
પણ જ્યારે કાળજૂના શૈલ-પાયા ઉપરે જડતત્ત્વના
એક અખિલ આવીને થયું ઊભું
દૃઢતાથી સ્પષ્ટાકાર સલામત,
ત્યારે ચોકી સર્વ ઊઠયા ને શંકાના સમુદ્રે લથડી પડયા;

નક્કૂર યોજના આ સૌ પીગળીને
અંતહીન પ્રવાહી રૂપ ધારતીઃ
રૂપોકેરી યોજનારી
નિરાકાર શક્તિકેરો ભેટો એને થયો હતો;
ઓચિંતી અણદીઠેલી વસ્તુઓની ભાળ એને મળી ગઈઃ
વીજળી ઝબકી એકે અનાવિષ્કૃત સત્યથી.
ગૂંચવી નાખતા એના ઝબકારે ચમકી આંખ એહની
સત્ય ને જ્ઞાતની વચ્ચે ખોદી કાઢયો એણે એક અખાતને
જેથી અજ્ઞાન શું ભાસ્યું જ્ઞાન એણે જે બધું મેળવેલ તે.
એક વાર ફરી વિશ્વ આશ્ચર્યોની તંતુજાળ બની ગયું,
જાદૂઈ અવકાશે કો એક જાદૂકેરી એ પ્રક્રિયા બન્યું,
બુદ્ધિગમ્ય નહીં એવા ચમત્કારકેરાં ગહન જેહનાં,
ને એના મૂળનો લોપ છે અનિર્વચનીયમાં.
એક વાર ફરી સામે આપણી થાય છે ખડો
કોરોમોરો અજ્ઞાતરૂપ એકલો.
મૂલ્યો ભાગી પડે, મોટો ધડાકો થાય ભાગ્યનો,
તૂટીફૂટી પડે એનાં કાર્યો ને તે થાય વેરવિખેર ત્યાં
એનું સોજું સાચવેલું ને રચેલું વિશ્વ લુપ્ત થઈ જતું.
ઓજઃશક્તિતણા ઘોર વમળે કૂદતા જતા
અલ્પિષ્ઠ એકમોકેરું નૃત્ય શેષ રહ્યું હતું,
યદૃચ્છાની હતી બાકી રહેલી અસ્તવ્યસ્તતાઃ
સીમાબંધનથી મુક્ત શૂન્યમાત્રે ચાલતી સંતતા ગતિ
વિચાર વણ ને લક્ષ્ય વણ રૂપો નવીન નિપજાવતીઃ
અવશ્યંભાવિતા અને
નિમિત્ત ઉભયે ભૂતો હતાં આકારવર્જિત;
સત્-તાકેરા સ્રોતમાંહે જડતત્ત્વ આપાતઘટના હતું,
હતો નિયમ ખાલી કો
અંધ શક્તિતણી ટેવ ચાલતી ઘડિયાળ શી.
આદર્શો, નીતિ ને તંત્રપદ્ધતિઓ પાયા વગરનાં હતાં
સ્વલ્પ સમયમાં જાતાં ધબી, યા તો મંજૂરી વણ જીવતાં;

અંધાધૂંધી બની જાતું બધું ઊંચે ઉછાળતું
ને સંઘર્ષ તથા કલહથી ભર્યું.
ભાવો સંઘર્ષમાં રે'તા વિકરાલ જિંદગી પર કૂદતા,
કઠોર દાબને લીધે અવ્યવસ્થા દબાયેલી રહી હતી
અને સ્વતંત્રતા નામ હતું માત્ર કો છાયાભાસ ભૂતનું:
હાથમાં હાથ ઘાલીને સૃષ્ટિ સાથે સંહાર નાચતો હતો
વિદીર્ણા ને પ્રકંપંતી છાતી પર ધરાતણી;
કાલીના નૃત્યના એક લોકમાં સૌ ચકરાતું પ્રવેશતું
આમ ગુલાંટિયાં ખાતી, ડૂબતી ને શૂન્યમાં વિસ્તર્યે જતી,
ટેકણો કાજ લેતી એ ઝાલી ઊભા રહેવાની જમીનને,
એણે જોયો માત્ર એક અણુઓના વિરાટને,
આછાં આછાં બિંદુ-છાયું મૂળાધાર રૂપ વિરલ વિશ્વને
જેની ઉપર નક્કૂર લોકકેરું આભાસી તરતું મુખ.
ઘટનાઓતણી માત્ર પ્રક્રિયા એક ત્યાં હતી,
અને પ્રકૃતિની પોચી પરિવર્તનશીલતા,
મૃત્યુથી મારવા માટે બલવત્તા ધરાવતી
અદૃશ્ય અણુના તોડફોડથી પ્રકટંત જે
શક્તિ સર્વસમર્થા તે હતી સર્જન કારણે.
હતી સંભાવના એક રહેલી કે શક્તિ કો એક હોય હ્યાં
જે પુરાણાં અપર્યાપ્ત સાધનોથી કરી મુક્ત મનુષ્યને
રાજમાન બનાવી દે રાજા પાર્થિવ ક્ષેત્રનો.
કેમ કે તે પછી બુદ્ધિ લે પોતાની પકડે આદ્ય શક્તિને
પોતાના રથને કાળ-માર્ગો પર ચલાવવા.
પછી સર્વે ય સંસેવે વિચારંતી જાતિ કેરી જરૂરને,
સંપૂર્ણ રાજ્યની સંસ્થા કરે ઊભી વ્યવસ્થા પૂર્ણ કેવલા,
વેતરે વસ્તુઓ સર્વ પૂર્ણતાના પ્રમાણીભૂત ધોરણે,
કરે ચોક્કસ કો ઊભું ન્યાય્ય યંત્ર સમાજમાં.
પછી વિજ્ઞાન ને બુદ્ધિ ઉપેક્ષી અંતરાત્મને
સ્થિર એકસમું વિશ્વ સમાહિત કરી શકે,
બાહ્ય તથ્યો વડે ખોજો યુગોની ઓચવી શકે,

ને બલાત્કારથી લાદી શકે એ મનની પરે
એકવિધ નમૂનાઓ છે જ્યાં એવી શક્તિ એક વિચારતી,
આત્માનાં સ્વપ્નને માથે મૂકી તર્ક-ભારો જડપદાર્થનો
માનવીને બનાવી દે પશુ તર્ક ચલાવતો,
ને એની જિંદગીને દે બનાવી સંમિતાકૃતિ.
શૃંગ પ્રકૃતિનું થાશે એ તમોગ્રસ્ત ગોલકે,
લાંબા યુગોતણા મોટા શ્રમકેરું મહાફલ,
શિરોમુકુટ પૃથ્વીના થતા ક્રમવિકાસનો,
સિદ્ધિ જીવનકાર્યની.
આત્મા સૂઈ રહ્યો હોત તો આવું હોત કૈં બન્યું;
તો સંતોષે રહ્યો હોત માનવી ને રહેતો હોત શાંતિમાં,
ગુલામ પાસ પોતાના માગે છે જે નિજ કાર્ય કરાવવા,
તેવી પ્રકૃતિનો સ્વામી બનેલો હોત માનવી,
વિશ્વની દુર્વ્યવસ્થાએ બની રૂક્ષ
લીધું હોત સ્વરૂપ કાયદાતણું,
બંડખોર બની હૈયું ઘોર જો જિંદગીતણું
થયું હોત નહીં ખડું,
અંતર્યામી ઈશને ના મળ્યો હોત મહત્તર પ્રબંધ જો.
કિંતુ છે વિશ્વનો આત્મા અનેક મુખ ધારતો;
પલટાવી શકે એક સ્પર્શમાત્ર ભાગ્યનો સ્થિર મોરચો.
આવે વળાંક ઓચિંતો, પ્રકટે પથ, શકય એ,
મન એક મહત્તર
જોવા પામે સત્ય એક મહત્તર,
કે બાકીનું બધું વ્યર્થ નીવડી જાય તે સમે
મળી આપણને જાય ચાવી એક આપણામાં છુપાયલી
પરિપૂર્ણ રૂપાંતર પ્રસાધતી.
દિવસો આપણા સર્પી જતા જે મૃત્તિકા પરે
ત્યાંથી આરોહણો કરી
પૃથ્વીની ચેતના સૂર્યકેરી વિવાહિતા બને,
સવાર આત્મની પાંખે થઈ જાય મર્ત્ય જીવન આપણું,

આપણાં ચિંતનો સાન્ત સંગ સેવે અનંતનો.
ઊગતા સૂર્યનાં શુભ્ર રાજ્યોમધ્યે
જ્યોતિની શક્તિના એક જન્મરૂપ સમસ્ત છેઃ
અહી વિરૂપ છે તે સૌ શુભ રૂપ રક્ષી ત્યાં નિજ રાખતું,
અહીં સંમિશ્ર ને વ્યંગ તે બધું ત્યાં શુદ્ધરૂપ સમગ્ર છે.
પ્રત્યેક પગલું કિંતુ નથી સ્થિર પ્રકારનું
છે એ ક્ષણેક વારનું.
નિજ કૃત્યો થકી પારકેરા એક વિશાલતર સત્યની
પ્રત્યે રહેલ જાગ્રતા
મધ્યસ્થા શક્તિ બેઠી 'તી સ્વકાર્યો અવલોકતી
ને જે આશ્ચર્ય ને ઓજ
એમનામાં રહ્યાં 'તાં તે સર્વ સંવેદતી હતી
કિંતુ કાળતણા મોંની પૂઠળે શક્તિ જે હતી
તેને પિછાનતી હતીઃ
કરતી એ હતી કામ, અપાયેલા જ્ઞાનને વશ વર્તતી,
આદર્શરૂપ ને મોટી વસ્તુઓને
માટે એનું ઊંડું હૃદય ઝંખતું,
અને જ્યોતિથકી જ્યાદા વિશાળી જ્યોતિની દિશે
ડોકિયું કરતું હતુંઃ
ઝગારા મારતી એક વાડ એની આસપાસ રચાયલી
એની શક્તિતણું ક્ષેત્ર સાંકડું કરતી હતી;
મજૂરી કરતી 'તી એ
વફાદાર રહી સ્વીય સીમાએ બદ્ધ ક્ષેત્રને,
પરંતુ જાણતી 'તી કે
પોતાની ઉચ્ચમાં ઉચ્ચ ને સૌથી વધુ વિસ્તૃતા
દૃષ્ટિ માત્ર અર્ધ-અન્વેષણા હતી,
એનાં સૌથી બલી કાર્યો હતાં ગમનમાર્ગ કે
હતાં માત્ર અવસ્થા વચગાળની.
કેમ કે બુદ્ધિના દ્વારા સૃષ્ટિ સૃષ્ટ ન 'તી થઈ,
અને ના બુદ્ધિના દ્વારા શક્ય દર્શન સત્યનું,

કેમ કે પડદા આડે આવી જાય વિચારના
ને ઇન્દ્રિયતણાં આડે આવે છે અવગુંઠનો,
અપૂર્ણ સાધનોકેરી લાગી ઝાંખપ જાય છે,
ને તેથી દૃષ્ટિ આત્માની ભાગ્યે સત્ય જોવા સમર્થ થાય છેઃ
ક્ષુલ્લક વસ્તુઓ જોડે બંધાયેલું રહે છે મન ક્ષુલ્લકઃ
કાળા અચિત્તણા લોકે પામેલું અર્ધ જાગૃતિ,
એક સંવેદતું માત્ર બાહ્ય સંસ્પર્શ આત્મનો;
અજ્ઞાન રાત્રિમાં ફાંફાં મારતો કો હોય જાણે તજાયલો
તેમ તે નિજ સત્ત્વો ને રૂપો જોવા અંધ પ્રયાસ આદરે.
શિશુ માનસકેરા ને ઇન્દ્રિયજ્ઞાનના લઘુ
આ બીબામાં કામના છે
આક્રંદ બાલ-હૈયાનું મહામોદાર્થ ઊઠતું,
આપણી બુદ્ધિ ત્યાં માત્ર ખિલોણાંઓ બનાવી આપનાર છે,
નિરાળી ને ભૂલથાપ ભરી એક
રમતે છે નિયમો ઘડનાર એ.
કિંતુ ઓળખતી 'તી એ વામણા સ્વ-સહાયકો,
નિશ્ચયી દૃષ્ટિએ જેઓ મર્યાદાબદ્ધ દૃશ્યને
દૂરનું લક્ષ્ય માનતા.
એણે જગત જે સર્જ્યું છે તે માત્ર હેવાલ વચગાળનો
વસ્તુઓના અર્ધ-પ્રાપ્ત સત્ય પ્રત્યે જતા કો રાહદારનો,
બે અજ્ઞાનોતણી વચ્ચે કરે છે જે મુસાફરી.
કેમ કે જ્યાં સુધી કાંઈ રહી જાય છુપાયલું
ત્યાં સુધી જ્ઞાત ના કશું;
જોયું જ્યારે બધું હોય ત્યારે માત્ર સત્યનું જ્ઞાન થાય છે.
એક એવા સર્વરૂપ થકી આકૃષ્ટ એ થઈ
પોતાની જ્યોતિ છે તેથી વધુ ઉચ્ચ જ્યોતિને કાજ ઝંખતી;
પોતાના ધર્મપંથો ને સંપ્રદાયો દ્વારા છે જે છુપાયલું
તે ઝાંખ્યું છે એણે પ્રભુતણું મુખઃ
જાણે છે એ કે મળ્યું છે એને જે તે
છે ખાલી રૂપ કો એક, છે જામો એકમાત્ર કો,

કિંતુ હંમેશ રાખે એ આશા હૈયે કરવા પ્રભુ-દર્શન
માગે સંવેદવાને એ એની સંમૂર્ત્ત સત્યતા.
મોરું હજી સુધી છે ત્યાં, મુખદર્શન થાય ના,
જોકે કો વાર છૂપી બે આંખો પ્રગટ થાય છેઃ
બુદ્ધિ દારી કરી દૂર શકે ના એ
ચમકારા મારતા મુખછદ્મને,
એના પ્રયાસ દે એને વધારે ચમકે ભરી;
પડીકાંઓમહીં બાંધી રાખે એ અવિભાજ્યને;
વિશાળા સત્યને ઝાલી રાખવાને
નિજ હસ્ત અતિશે લઘુ લાગતા
વિદેશીય વિભાગોમાં જ્ઞાનને એ કરી વિભક્ત નાખતી,
અથવા લોપ પામેલા સૂર્યના દર્શનાર્થ એ
જામેલા મેઘના જૂથ માંહ્યથી ડોકિયું કરેઃ
પોતે જે હોય જોયું તે શું છે તે નવ જાણતી,
અંતવંતી વસ્તુઓના તાળાબંધ સ્વરૂપમાં
થઈ અનંતતાકેરાં રૂપો કોટિક એ જુએ,
એક દિવસ મોરામાં થઈ દીપ્ત મુખ પ્રાકટ્ય પામશે.
અજ્ઞાન આપણું જ્ઞાનાવસ્થાનો એક કોષ છે,
ભ્રમણા આપણી માર્ગે જતાં થાય સંલગ્ન નવ જ્ઞાન શું,
એનો અંધાર છે જ્યોતિ-ગ્રંથિ કાળાશ ધારતી;
સૂર્ય પ્રત્યે વળે છે જે વાટ ધૂસર તે પરે
વિચાર કરતો નૃત્ય-અવિદ્યા શું હાથ શું હાથ મેળવી.
વિચિત્ર સહચારિત્વે બન્નેને બદ્ધ રાખતી
ગ્રંથિઓને આંગળીઓ એની ફંફોસતી રહી
હોય, ત્યારે ય તેમની
લગ્ન પામેલ સંઘર્ષ-ક્ષણોમાંહ્ય કદી કદી
પ્રકાશ પાથરી દેતા અગ્નિકેરી ફાટી ભભક ઊઠતી.
છે અત્યારેય એકાકી ચાલનારાં મહંત ચિંતનો અહીંઃ
અમોઘ શબ્દથી સજ્જ થઈ આવેલ એહ છે,
પ્રભુનાં લોચનોકેરા અનુમોદનરૂપ જે

છે અંતઃસ્ફુરિતા જ્યોતિ તેનાં અંબરની મહીં;
શાશ્વતીની કિનારીથી આવતાં એ ભભૂકતાં
દૂરના સત્યની નેકી પુકારતાં.
આનંત્યોમાંહ્યથી એક આવશે અગ્નિ ઊતરી,
દૂરની સર્વજ્ઞતાની મહીંથી બ્હાર નીકળી,
સ્પંદહીન આત્મલીન એકાકીના પ્રદેશથી
પ્રકટંતા પ્રકાશંતા સાગરોની પરે થઈ
સુમહત્તર વિજ્ઞાન દૃષ્ટિદાન દેશે જગતને અને
સત્-તાનું ને વસ્તુઓનું ઉર ઊંડું ઉજાળશે,
કાલાતીત જ્ઞાન એક મનને કાજ લાવશે,
લક્ષ્ય જીવનને, અંત અવિદ્યાને સમર્પશે.

શ્વાસોચ્છ્વાસ ન ચાલે જ્યાં સમશીતોષ્ણ ઊર્ધ્વના
વાતાવરણની મહીં
વામણી ત્રિપુટીને ત્યાં દાબી દેતા સ્વછાયથી,
સીમાહીન પારકેરા અભીપ્સુઓ
અવકાશે પુરાયેલા, ભીંતો વચ્ચે સીમાબદ્ધ કરતા સ્વર્ગલોકની,
હોરાઓના અવિશ્રાંત ચાલતા ચકરાવમાં,
શાશ્વતી પ્રતિ જાનારા સીધા માર્ગો માટે ઝંખનથી ભર્યા,
ને પોતાના ઉચ્ચ સ્થાન થકી નીચે લોકે આ અવલોકતા,
સૂર્ય શી દૃષ્ટિવાળા બે દેવતાઓ રહેતા 'તા સાક્ષી અસ્તિત્વમાત્રના.
સત્તાશીલ શક્તિ એક ઊંચે લેવા પાછા પડેલ લોકને,
બદલાતી નહીં એવી જડભાવી જમીનની
ઉપરે ચાલવાકેરી ટેવ જેને હતી નહીં
તે જંગી ઉચ્ચ-પાંખાળા પ્રાણજાયા વિચારની
અસવાર બની હતી;
આસમાની અનંતતા
કેરો અભ્યાસ છે જેને તે એ સૂર્ય-પ્રકાશિતા
અને તારક-તેજીલી હવામાં સરતી હતી;
ન્યાળ્યું એણે દૂરવર્તી ને અપ્રાપ્ત ધામ અમર-આત્મનું.,

ને દેવોના સુણ્યા એણે દૂરથી આવતા સ્વરો.
મૂર્તિભંજક ને કાળ-કિલ્લાઓ તોડનાર એ
સીમા ઉપરથી કૂદી જતી, માપ ધોરણોનું વટાવતી,
ગાળામાં શતકોકેરા દીપ્ત રે'તા વિચારો પ્રકટાવતી,
પ્રેરાતી કરવા કામો અતિમાનુષ શક્તિનાં.
સ્વયંપાંખે સજ્જ એનાં વિમાનો જ્યાં સુધી ઊડી જતાં હતાં.
ત્યાં સુધી હુમલા મોટા પ્રતાપી એ લઈ જઈ
ભેટો લેતી ભવિષ્યનો,
સ્વપ્ન-સેવ્યા ભાગ્યકેરા વિસ્તારોની ભાળ મેળવતી હતી.
દક્ષ વિચારણાઓમાં, અશક્ત સિદ્ધિએ જવા,
પોતાના ધારણાના એ નકશાઓ બનાવતી,
અને દર્શનની એની યોજનાઓ ઘડી એ કાઢતી હતી,
કિંતુ મર્ત્યાવકાશના
શિલ્પના કાર્ય માટે એ હદપાર હતાં વિરાટ રૂપનાં.
મંડાતાં પગલાં ના જ્યાં એવી પારકેરી વિશાળતા મહીં
અમૂર્ત્ત કલ્પનાઓને મૂર્ત્તિમંત બનાવતું,
જિંદગી ને ઇન્દ્રિયોના પોકારોથી વિકાર નવ પામતું
મન શુદ્ધ વિચારનું
વિશ્વલીલાતણાં કાર્યો અવલોકી રહ્યું હતું.
સંદેશહર સર્વોચ્ચ દૂત પારતણા એક પ્રદેશનો
બનેલું, એ હતું જોતું જગ ઊંચાં એકાંત શિખરો થકી,
જાજ્વલ્યમાન જોતે એ હતું દૂરકેરી શૂન્ય હવામહીં.

દશમો સર્ગ સમાપ્ત